Nk Daily News Mumbai Whatsapp Group +91 96879 19919

રેલવે તથા સરકારી હૉસ્પિટલોમાં મેડિકલ ઑફિસરની ભરતી

સ્વાસ્થ્યના ક્ષેત્રમાં મેડિકલમાં હાલ એમબીબીએસ, આયુર્વેદિક, હોમિયોપથી કે બીજી પેરામેડીકલ ક્ષેત્રની, માત્ર ડિગ્રી મેળવવાથી સફળ કારકિર્દીની તક મળતી નથી. ડૉક્ટરોએ પોતાના રસના વિષયમાં માસ્ટર્સ ડિગ્રી અર્થાત એમએસ, એમડી કરે તો સારું પડે છે. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી માટે સારી કૉલેજમાં પ્રવેશ મેળવવો ખૂબ જ કઠીન છે. કારણ કે, સીટ ખૂબ જ મર્યાદિત હોય છે. તાજા ડિગ્રી ધારક ડૉક્ટરોને પ્રેક્ટીસ જમાવવા અને અનુભવ મેળવવા સારો એવો સમય અને ભોગ આપવો પડે છે. કેન્દ્ર સરકારની વિવિધ હોસ્પિટલમાં ઉપરાંત રેલવેમાં આસિસ્ટન્ટ ડિવિઝન મેડિકલ ઓફિસરની ૧૪૦૦ કરતાં પણ વધારે મેડિકલ ઓફિસરની ભરતી થશે.

શૈક્ષણિક લાયકાત :- એમબીબીએસમાં ટકાવારીની જરૂર નથી. જેઓ આ વર્ષે એમબીબીએસની પરીક્ષા આપતા હોય તેઓ પણ આ પરીક્ષા માટે અરજી કરી શકશે.

વય મર્યાદા :- તા. ૦૧/૦૮/૨૦૨૬ના રોજ ૩૨ વર્ષથી વધારે ન હોવી જોઈએ. એસસી, એસટી પાંચ વર્ષ, ઓબીસીને ત્રણ વર્ષ, શારીરિક વિકલાંગને ૧૦ વર્ષ સુધીની છૂટછાટ છે.

ઓફિસરની પસંદગી સ્પર્ધા પરીક્ષા અને ઈન્ટરવ્યૂના આધારે કરવામાં આવશે. સ્પર્ધા પરીક્ષા તા. ૦૨/૦૮/૨૦૨૬ ના રોજ મુંબઈ, અમદાવાદ વગેરે દેશનાં મુખ્ય કેન્દ્રોમાં લેવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તા. ૩૧/૦૩/૨૦૨૬ છે. વધારે માર્ગદર્શન તથા અરજી કરવા ઈચ્છતા ડૉક્ટરો પોતાના પાસપોર્ટ ફોટા સાથે મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશનની લાઈબ્રેરીમાં સંપર્ક કરવો.

ખાસ નોંધ :- જે ડૉક્ટરો એમએસ, એમડીની પોસ્ટ ગ્રેજ્યુએટ નીટ સીઈટી માટે તૈયારી કરતા હશે તેઓ માટે કમ્બાઈન્ડ મેડિકલ સર્વિસની પરીક્ષા આપવાથી, અનુભવ મળે અને પ્રેક્ટીસ થાય છે. તો જેઓને સરકારી મેડિકલ ઓફિસર તરીકે નોકરી ન કરવી હોય, પરંતુ એમએસ, એમડીની પીજી નીટ સીઈટી પરીક્ષાની પ્રેક્ટીસ માટે પણ અવશ્ય અરજી કરવી જોઈએ.

સ્નાતકોને આઈડીબીઆઈમાં જુનિયર આસિસ્ટન્ટ મૅનેજરની તક

આઈડીબીઆઈ બૅન્કની સ્થાપના ભારતના વિવિધ ક્ષેત્રના ઔદ્યોગિક વિકાસ માટે ક્રેડિટ અને અન્ય નાણાકીય સવલતો પૂરી પાડવા, સંસદના એક અધિનિયમ દ્વારા ૧૯૬૪માં કરવામાં આવી હતી. અને ભારતની જાહેર ક્ષેત્રની બૅન્કોમાંની એક અને રાષ્ટ્રીયકૃત બૅન્ક છે. હાલ આઈડીબીઆઈમાં ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ જુનિયર આસિસ્ટન્ટ મૅનેજરની પોસ્ટ માટે અરજી કરી શકશે. કુલ ૧૧૦૦ જેટલી પોસ્ટ માટે ભરતી થશે.

શૈક્ષણિક લાયકાત :- તા. ૦૧/૦૩/૨૦૨૬ ના રોજ કોઈપણ ડિગ્રી, ૬૦ ટકા સાથે કરેલ હોવી જોઈએ,એસસી, એસટી તથા શારીરિક વિકલાંગે ડિગ્રી ૫૫ ટકા સાથે કરેલ હોવી જોઈએ.

વયમર્યાદા :- તા. ૦૧/૦૩/૨૦૨૬ ના રોજ જુનિયર આસિસ્ટન્ટ મૅનેજરની પોસ્ટ માટે ૨૦ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધારે ન હોવી જોઈએ. (એસસી, એસટી પાંચ વર્ષ, ઓબીસીને ત્રણ, શારીરિક વિકલાંગને ૧૦ વર્ષ સુધીની ઉંમરમાં છૂટછાટ છે.)



કૅરિયર ગાઈડન્સ
વ્રજ પટેલ
મો. નં.: ૯૮૬૭૨૨૨૨૧૦

જુનિયર આસિસ્ટન્ટ મૅનેજરની સ્પર્ધા પરીક્ષા તા ૧૨/૦૪/૨૦૨૬ના રોજ મુંબઈ, સુરત, અમદાવાદ, રાજકોટ, સહિત દેશનાં વિવિધ કેન્દ્રોમાં ઓનલાઈન દ્વારા લેવાશે. અરજી કરવાની છેલ્લી તા. ૧૯/૦૩/૨૦૨૬ છે. અરજી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશનની લાઈબ્રેરીમાં સંપર્ક કરવો.

બીઇ, બીટેક એન્જિનિયરોને ગેઈલમાં એક્ઝિક્યુટિવ ટ્રેઈનીની તક

ગેઈલ, ગેસ ઑથોરિટી ઓફ ઈન્ડિયા, એ મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગૅસ અંતર્ગત કાર્યરત મહારત્ન કંપની છે અને દેશની સૌથી મોટી કુદરતી ગૅસ ઉત્પાદન અને વિતરણ કરતી જાહેર કંપની છે. તેને મહારત્નનો દરજ્જો પણ આપવામાં આવ્યો છે. અત્યારે પેટ્રોકેમિકલ, કેમિકલ, કેમિકલ ટેક્નૉલૉજી, પ્રોડક્શન એન્ડ ઈન્ડસ્ટ્રિયલ, મિકેનીકલ, ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રૉનિક્સ, ઈન્સ્ટ્રુમેન્ટેશનમાં એન્જિનિયરીંગ કરેલા હોય તેવા એન્જિનિયરો ગેઈલમાં સિનિયર એન્જિનિયરની ભરતી માટે અરજી કરી શકશે.

શૈક્ષણિક લાયકાત :- બીઇ, બીટેક એન્જિનિયરીંગ ઈન કેમિકલ, પેટ્રોકેમિકલ, કેમિકલ ટેક્નોલોજી, ઈન્સ્ટ્રુમેન્ટેશન, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશન, ૬૫ ટકા સાથે કરેલું હોવું જોઈએ. (એસસી, એસટી અને શારીરિક વિકલાંગો માટે પાંચ ટકાની છૂટછાટ છે.) સાથે ગેટ ૨૦૨૬ની પરીક્ષા આપેલી હોવી જોઈએ. ગેટ ૨૦૨૫ની કે તેનાથી પહેલાંના વર્ષની પરીક્ષા આપેલા ઉમેદવારો અરજી નહીં કરી શકે.

વયમર્યાદા :- તા. ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ ૨૮ વર્ષથી વધારે ન હોવી જોઈએ (એસસી એસટી પાંચ વર્ષ, ઓબીસીને ત્રણ વર્ષની અને શારીરિક વિકલાંગો માટે ૧૦ વર્ષની વયમર્યાદામાં છૂટ છે.)

ઉમેદવારોની પસંદગી ગેટ ૨૦૨૬ ના સ્કોર, ગ્રુપ ડિસ્કશન અને ઈન્ટરવ્યૂના આધારે થશે. અરજી કરવાની છેલ્લી તા. ૧૮/૦૩/૨૦૨૬ છે. અરજી ઓનલાઈન કરવાની છે. અરજી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશનની લાઈબ્રેરીમાં સંપર્ક કરવો

વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક કેરિયર ગાઇડન્સ સેમિનાર તથા આઈક્યૂ અને એપ્ટિટ્યુડ ટેસ્ટ

એસએસસી, એચએસસીના વૅકેશનનો સમય એટલે સફળ કારકિર્દી ઘડતર કરવા માટેની પૂર્વ તૈયારી માટેનો શ્રેષ્ઠ સમય છે. આ સમયમાં કરેલું સફળ કારકિર્દી માટેનું પૂર્વનિયોજિત આયોજન અને તેની તૈયારી તથા સમયનો સદુપયોગ ભવિષ્યની સફળ કારકિર્દી ઘડતરમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આના માર્ગદર્શન તથા વિદ્યાર્થીઓ, વાલીઓની મૂંઝવણને દૂર કરવા માટે દર શનિવારે અને રવિવારે નિ:શુલ્ક માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં માર્ગદર્શન મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈએએસ એકેડમીનાં સંચાલક અને કેરિયર કાઉન્સેલર વ્રજ પટેલ કરશે. મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈએએસ એકેડમીની લાઈબ્રેરીમાં સ્પર્ધા પરીક્ષાઓની તૈયારી કરવા માટે ૫,૦૦,૦૦૦ થી વધારે પુસ્તકોની લાઈબ્રેરી અને કોચિંગની વ્યવસ્થા છે.

સમય :- દર શનિવારે બપોરે ૪.૦૦ અને રવિવારે સવારે ૧૦.૦૦ વાગ્યે.

સ્થળ:
મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન આઈએએસ એકેડમી,
પામ વ્યુ, ''એ'' વિંગ, પહેલા માળે,
સ્વામિનારાયણ મંદિર પાસે,
લખમશી નપ્પુ રોડ, દાદર (પૂર્વ), મુંબઈ ૧૪.
ફોન :- ૯૮૬૭૨૨૨૨૧૦, ૮૭૭૯૬૭૯૭૭૦

ગ્રાફૉલૉજીની જીવનમાં ઉપયોગિતા

હર્ષા ગાલા

ગ્રાફૉલૉજીનો ઉદ્ભવ ચોથી સદીમાં થયો હોવાનું મનાય છે. જાપાનીઝ ફિલસૂફ ઓકા કુરા કહે છે કે, લખાણનો દરેક સ્ટોક એક સંપૂર્ણ જીવન દર્શાવે છે. લેખન વિજ્ઞાન છે, તેના સૂક્ષ્મમાં જઈને ઘણું બધું જાણી શકાય છે.

વ્યક્તિ વિષે જાણકારી

ગ્રાફૉલૉજીમાં લખાણ, સહી, ડુડલિંગ, ડ્રોઈંગ, પેઈન્ટિંગ, રંગ વગેરેનો આધાર લેવામાં આવે છે. લખવાની કે અક્ષરોની દિશા ઉપર જાય, નીચે જાય, અક્ષરો નાના મોટા થાય તેના પરથી વ્યક્તિ વિષે સંપૂર્ણ જાણી શકાય છે. આ બધું જાણ્યા બાદ તેમાં ફેરફાર કરીને જીવનમાં સકારાત્મક પરિણામો લાવી શકાય છે. ફિલ્મો તેમ જ ફિલ્મસ્ટારનાં નામના વધારાના આલ્ફાબેટ હોય અને વિચિત્ર ઉચ્ચાર થાય તેવા સ્પેલિંગ જોયા છે જે ગ્રાફૉલૉજી છે.

ગ્રાફૉલૉજીનો અભ્યાસ

મુંબઈમાં કચ્છી જૈન પરિવારમાં જન્મેલા અને વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાં બીએસસી કર્યા બાદ હર્ષા ગાલાને ગ્રાફૉલૉજીમાં રસ પડ્યો. લાઈબ્રેરીમાં 'અક્ષરો ઓળખો' બૂક વાંચી. લગ્ન પછી ખૂબ વાંચન કર્યું. પુત્ર નીલ અને પતિ અરવિંદ ગાલાને ગ્રાફૉથેરપીની ટ્રીટમેન્ટ આપીને સ્વસ્થ કર્યા છે. છેક હમણાં કેમ્બ્રિજ કૉલેજમાંથી

મુંભઈજી ગાલ
કનૈયાલાલ જોષી

ઓનલાઈન અભ્યાસ કર્યો. ગ્રાફૉલૉજીની વ્યવસાય દ્વારા તેમણે અસંખ્ય લોકોને ગ્રાફૉથેરપીથી ઠીક કર્યા છે. તેઓ કચ્છના ટુંડા ગામના વતની છે.

અક્ષરની થેરપી

હર્ષાબહેન ગાલાએ એક મુલાકાતમાં જણાવ્યું કે, ગ્રાફૉથેરપીમાં બ્રેઈનના ન્યૂરોનને એક્ટિવ કરવામાં આવે છે. ડૉક્ટરની ટ્રીટમેન્ટ પૂરી થયા પછી મારી ટ્રીટમેન્ટ શરૂ થાય છે. આ થેરપી અક્ષરની છે. દરેક અક્ષર આપણા શરીર સાથે જોડાયેલા છે. તમારા નામના પ્રથમ અક્ષર પરથી તમે કેવા છો તે કહી શકાય છે.

બ્રેઈન રાઈટિંગ ડૉક્ટર

એમણે કહ્યું, 'ગ્રાફૉલોજિસ્ટને બ્રેઈન રાઈટિંગ ડૉક્ટર પણ કહે છે. જે બ્રેઈનને વાંચી શકે છે અને પોઝિટીવ દિશા આપી શકે છે. કોઈ પણ વ્યક્તિ વિષે સંપૂર્ણ જાણ્યા બાદ ગ્રાફૉથેરપી આપી શકાય છે. વ્યક્તિની લખવાની પદ્ધતિ પરથી તેની ઓળખ કહી શકાય છે. તો મહિલાઓ માટે તો આ પદ્ધતિ ખરેખર ઘણી ઉપયોગી છે.

જપાનની થેરપી

ગ્રાફૉલૉજિસ્ટ હર્ષા ગાલાએ કહ્યું, આ થેરપી જપાનથી આવી છે. વિદેશમાં આ વિષયની જાગૃતિ ઘણી છે. ભારતમાં ઓછી છે. ઑસ્ટ્રેલિયા, ઓમાન, દુબઈ વગેરે જગ્યાએ ગઈ છું. ત્યાં ગ્રાફૉલૉજીનો પ્રચાર અને સમજ ઘણી છે. અહીં હવે લોકો ગ્રાફૉલૉજી વિષે જાગૃત થયા છે. નવજાત શિશુનું નામકરણ ગ્રાફૉલૉજીની મદદથી કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને અભ્યાસ - કારકિર્દીમાં આ થેરપી ખૂબ ઉપયોગી છે. હૉસ્પિટલમાં દરદીઓને પોઝિટીવ કમાન્ડ આપવાથી જલદી સાજા થાય છે. કોર્ટ અને ગુનાખોરી વખતે બનાવટી સહી કે જૂઠ્ઠાણું શોધવામાં પણ તેનો ઉપયોગ થાય છે. અનેક કંપનીઓ પોતાના લૉગો, નામ, સિગ્નેચર વગેરે ગ્રાફૉલૉજીની મદદથી ડિઝાઈન નક્કી કરે છે.

મહિલાઓ પોતાની ઓળખ બનાવે

હર્ષાબહેને કહ્યું, વર્કિંગ વુમન હોય કે ગૃહિણી હોય, દરેકને કામની તાણ હોય છે પણ દરેક પોતાની ઓળખ બનાવે, જેમ ઘરમાં દરેક વસ્તુની જગ્યા હોય છે, એ જ રીતે પરિવારમાં પોતાની ખાસ જગ્યા બનાવે. આ બધું શક્ય છે. તમારા રાઈટિંગમાં તમારા અક્ષરોને બેલેન્સ કરશો તો બ્રેઈન બેલેન્સ થશે અને તેથી સમગ્ર જીવન બેલેન્સ રહેશે.

ભૂલી જવાની બીમારી

તેમણે જણાવ્યું કે ૭૦થી વધુ વયનાને પાર્કિન્સન્સ થાય, પણ કામ ન કરે, ભૂલી જવાની બીમારી થાય. બ્રેઈનસ્ટ્રોક આવ્યો હોય કે કોમા પેશન્ટ હોય. બધાને ગ્રાફૉથેરપી ઉપયોગી છે. કોવિડના સમયમાં હૉસ્પિટલમાં જઈને લોકોને સ્ટ્રેસમાંથી બહાર લાવવાનું કામ કર્યું હતું. ગ્રાફૉલૉજી દરેકનાં જીવનમાં કંઈક ને કંઈક અંશે ઉપયોગી સાબિત થઈ છે.

વિદ્યાર્થીઓને ટ્રીટમેન્ટ

એમણે કહ્યું, દસમા - બારમામાં ભણતા વિદ્યાર્થી વાંચવા બેસે એ પહેલાં ટ્રીટમેન્ટ આપું છું. તેનાથી તેનામાં આત્મવિશ્વાસ આવે છે. ડર નીકળી જાય. જૂનું વાંચેલું યાદ આવે. આજના છોકરાઓ સિગ્નેચરમાં પોતાનું નામ જ લખે છે. આમ કરવાથી એકલા રહી જાય છે. એમનો ગોલ પણ નક્કી હોતો નથી. ક્યાં જઈ રહ્યા છે તેની પણ ખબર હોતી નથી.

વિદ્યાર્થીઓ માટે તેમણે ખાસ જણાવ્યું કે, પરીક્ષા પહેલાં ગભરાવું નહીં, ગભરાટ થાય, માંદા પડો, વાંચેલું ભૂલી જવાય આ બધું મગજમાં ચાલતી ઊથલપાથલના લીધે થાય છે.

સમગ્ર જીવન બદલી શકાય

હર્ષાબહેને કહ્યું, ગ્રાફૉલૉજીથી તમારું સમગ્ર જીવન બદલાઈ જાય છે. તમે જ્યાં પણ ઊભા હશો ત્યાંથી લોકો તમને અનુસરશે. જીવનમાં ચડાવ-ઉતાર આવશે, તકલીફ આવશે છતાં ચટ્ટાનની જેમ અડગ ઊભા રહી તેનો સામનો કરી શકશો. ગ્રાફૉલૉજી ભૂતકાળ અને વર્તમાન વિષે કહે છે તેમ ભવિષ્ય વિષે પણ સતર્ક કરે છે.

ફ્રી સેમિનાર

હર્ષા ગાલા શાળા - કૉલેજોમાં ફ્રી સેમિનાર કરે છે. કૉર્પોરેટ સેમિનાર પણ કરે છે. કંપનીના કર્મચારીઓને આ થેરપી શીખવે છે. મેરેજ કાઉન્સેલિંગ કરે છે. ગ્રાફૉલૉજીની મદદથી જો અજાગૃત મગજને હાથમાં લેતા થઈ જાઓ તો દુનિયાની સામે ટકી રહેવાની શક્તિ પ્રાપ્ત થાય છે એમ પણ તેમણે કહ્યું હતું.









આસામમાં ભાજપની સત્તા યથાવત્, ...

(પહેલા પાનાથી ચાલુ)

કુલ ૨૯૪ બેઠકો પૈકી તૃણમુલને ૧૫૫-૧૭૦, ભાજપને ૧૦૦-૧૧૫, એઆઈએમઆઈએમને ૫-૬ તથા અન્યને ૦-૧ બેઠક મળવવાની શક્યતા છે. આમ તૃણમૂલની બેઠકોમાં ઘટાડો થશે. આસમમાં ભાજપ જોરદાર વાપસી કરશે. અહીં કુલ ૧૨૬ બેઠકો પૈકી ભાજપને ૯૬-૯૮, કૉંગ્રેસને ૨૬-૨૮, એઆઈયુડીએફને ૧-૫ અને અન્યને ૧-૩ બેઠક મળે એવી શક્યતા છે.

તમિલનાડુની ૨૩૪ બેઠકોમાં એનડીએનું પલડું ભારે રહેવાની શકયતા છે. એનડીએને ૧૧૪-૧૨૭, ડીએમકેના ૧૦૪-૧૧૧ અને ટીવીકેને ૬-૧૨ બેઠકો મળશે. આમ અહીં સત્તા પરિવર્તન થવાના સંકેત છે. કેરળમાં એલડીએફ અને યુડીએફમાં ટક્કર થશે. ૧૪૦ બેઠકોવાળી કેરળ વિધાનસભામાં એલડીએફને ૬૧-૭૧, યુડીએફને ૫૮-૫૯ બેઠક અને ભાજપને બે બેઠક મળે એવી શક્યતા છે.

સુપરસ્ટાર વિજયને નાયબ સીએમ પદ અને ૮૦ બેઠકની ભાજપની ઓફર

તમિલનાડુનામાં સિનેમા અને રાજકારણ હંમેશાં ગાઢ રીતે જોડાયેલા રહ્યા છે. હવે, એક નવો અધ્યાય ઊભરી રહ્યો હોય તેવું લાગે છે. રાજ્યની સત્તા પર પોતાની પકડ મજબૂત કરવા માટે ભાજપે અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયની પાર્ટી ટીવીકેને ગઠબંધનનો પ્રસ્તાવ મૂક્યો છે. સૂત્રોનો દાવો છે કે, ભાજપે વિજયને નાયબ મુખ્યમંત્રી પદની ઓફર અને ગઠબંધનના ભાગ રૂપે ટીવીકેને ૮૦ બેઠકની ઓફર કરી છે. ભાજપ હાઈકમાન્ડ માને છે કે, જો વિજયના ચાહકો એનડીએને મત આપે છે, તો રાજ્યના ચૂંટણી પરિણામો સંપૂર્ણપણે ઊલટાવી શકાય છે.

ભારતીય જહાજોને...

(પહેલા પાનાથી ચાલુ)

શિવાલિક જહાજને ભારતીય યુદ્ધજહાજ દ્વારા એસ્કોર્ટ કરીને લાવવામાં આવી રહ્યું છે. આ સીવાય જગપ્રકાશ નામક એક ઓઈલ ટેન્કર પણ ઓમાનથી આફ્રિકા તરફ ગેસોલીન લઈને જઈ રહ્યું છે અને તે પણ હોર્મુઝના પૂર્વ હિસ્સામાંથી સલામત નીકળી ગયું છે. ભારતીય નૌસેનાએ ઓપરેશન સંકલ્પની શરૂઆત હોર્મુઝમાંથી પસાર થતાં ભારતીય જહાજોને સુરક્ષા પ્રદાન કરવા માટે હાથ ધર્યું હતું. જેમાં ઓમાનનાં તટે તૈનાત ભારતીય યુદ્ધ જહાજ પળેપળ ઉપર ચાંપતી નજર રાખી રહ્યું છે. વર્ષ ૨૦૧૯થી ચાલતા આ ઓપરેશનમાં વારાફરતી ૨૩ યુદ્ધજહાજને તૈનાત કરવામાં આવી ચૂક્યાં છે.

પીએનજી કનેક્શન...

(પહેલા પાનાથી ચાલુ)

બચવાની સલાહ આપવામાં આવે છે. પીએનજી કનેક્શન ધરાવતા લોકોને એલપીજી કનેક્શન કે રિફિલની સુવિધા રોકી દેવામાં આવી છે. એલપીજીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર ઝડપી નિર્ણયો કરી રહી છે. પેટ્રોલ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું હતું કે સંશોધિત આપૂર્તિ આદેશ હેઠળ પાઈપથી પ્રાકૃતિક ગેસ કનેક્શન ધરાવતા લોકોને ઘરેલુ એલપીજી સિલિન્ડર રાખવા, પ્રાપ્ત કરવા કે ભરાવવાથી રોકી દેવાયા છે. સરકારી ઓઈલ કંપનીઓએ એવા ગ્રાહકોના એલપીજી કનેક્શન કે રિફિલ પ્રદાન કરવાની સુવિધા રોકી છે જેઓની પાસે પહેલાથી જ પીએનજી કનેક્શન છે.

ઉમરેઠમાં ૨૩ એપ્રિલે યોજાશે પેટાચૂંટણી

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧૫ : દેશભરમાં અત્યારે ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે. ચૂંટણી પંચે ૪ મોટા રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરવાની સાથે જ ગુજરાત માટે પણ એક મોટી જાહેરાત કરી છે. ગુજરાત વિધાનસભાની ઉમરેઠ બેઠકના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના અવસાનને કારણે આ બેઠક ખાલી પડી હતી. હવે આ બેઠક પર નવા ધારાસભ્યને ચૂંટવા માટે પેટાચૂંટણીનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે. ઉમરેઠમાં ૨૩ એપ્રિલના રોજ મતદાન યોજાશે. ખાસ વાત એ છે કે આ પેટાચૂંટણીની મતગણતરી પણ ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામોની સાથે જ એટલે કે ૪ મેના કરવામાં આવશે.

ચૂંટણી પંચ દ્વારા ઉમરેઠ વિધાનસભા પેટાચૂંટણી માટેના ફોર્મ ભરવાથી લઈને પરિણામ સુધીનો જાહેર કરેલો સત્તાવાર કાર્યક્રમ જોઇએ તો, ૩૦ માર્ચના દિવસે ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવશે, જેની સાથે જ ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. ૬ એપ્રિલના રોજ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે.

મહારાષ્ટ્રને લાંબા ગાળા માટે ૧૬૦૦ મેગાવૉટ વીજપુરવઠો આપવા અદાણી પાવરને મહારાષ્ટ્ર વીજકંપની તરફથી એલઓએ મળ્યો

અમદાવાદ, તા. ૧૫ : ખાનગી ક્ષેત્રના ભારતના સૌથી મોટા વીજઉત્પાદક અદાણી પાવર લિ. (AAPL)ને મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની (એમએસઈડીસીએલ) તરફથી તેના આગામી અલ્ટ્રા-સુપરક્રિટિકલ થર્મલ પાવર પ્રકલ્પો (યુએસસીટીપીપી)માંથી ૧૬૦૦ મેગાવૉટ વીજપુરવઠો આપવા સંબંધી લેટર ઑફ એવૉર્ડ (એલઓએ) મળ્યો હોવાની માહિતી આજે આપી હતી. અદાણી પાવર અત્યંત સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયામાં પ્રતિ કિલો વૉટદીઠ રૂ. ૫.૩૦ના સંયુક્ત ટેરિફ પર વીજળી ઑફર કરી કંપની સૌથી નીચા-ટેરિફ બિડર તરીકે ઉભરી આવી હતી. પ્રસ્તાવિત ૨૫ વર્ષના પાવર સપ્લાય એગ્રીમેન્ટ (પીએસએ) હેઠળ વીજપુરવઠો નાણાકીય વર્ષ ૨૦૩૦-૩૧થી શરૂ થશે.

થર્મલ પાવર સેક્ટરમાં આવેલા રોકાણના નવા ઉછાળાના સમય દરમિયાન અદાણી પાવર માટે આ એલઓએ વધુ એક પીએસએની જીત દર્શાવે છે.

નવી ઉત્પાદન ક્ષમતાના અગ્રણી પ્રદાતા તરીકે પ્રસ્થાપિત અદાણી પાવર ૨૦૩૨ સુધીમાં ૧૦૦ ગીગાવૉટ થર્મલ પાવર ક્ષમતા ઉમેરવાના રાષ્ટ્રના લક્ષ્યને હાંસલ કરવામાં અવિરત યોગદાન આપી રહી છે. નાણાવર્ષ ૨૫-૨૬ દરમિયાન અદાણી પાવરે ૧૦,૪૦૦ મેગાવૉટની સંયુક્ત ક્ષમતા સાથે લાંબા ગાળાના પાંચ પીએસએ માટેની બિડ જીતી છે.

હિન્દુ મરણ

પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ

જામનગરના સ્વ. ભૂમેશ ચંદુલાલ અને ગં.સ્વ. ચંદ્રિકા વૈદ્યના પુત્ર કલ્પેન્દુ (ઉં. ૫૫). તે રૂદ્રદત્ત, હર્ષિત, વિપુલના ભાઈ. કાવ્યાના પિતા. સ્વ. હરિ, સ્વ. મંકજ, સ્વ. કિશોર પ્રાણલાલ વૈદ્ય, સ્વ. ગીતા મહિપત ભટ્ટ, સ્વ. કોકિલાબેન (બચીબહેન) નિરંજન મુખત્યાર, સ્વ. મધુ ગુલાબરાય ભટ્ટ, રમા રજનીકાંત ભટ્ટ, સ્વ. ઈન્દીરા ભનુભાઈ ભટ્ટ, ગં.સ્વ. મિનાક્ષી તરુણભાઈ ભટ્ટના ભાણેજ. સ્વ. મનુભાઈ, વિનય ચંદુલાલ વૈદ્ય, સ્વ. નૌતમ ડી. વૈદ્ય, સ્વ. ચારૂબેન જીતેન્દ્ર ભટ્ટ, સ્વ. જયોતી મહિપત વૈદ્ય, સ્વ. દીદી દિનેશ પટ્ટણીના ભત્રીજા. કશ્યપ, અનઘ, જિગ્નેશ, દુર્ગાક્ષીના કાકા શુક્રવાર, ૧૩મીએ દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર, ૧૭મીએ સાંજે ૪થી ૬. ઠે.: ઈન્દ્રગિરિ બિલ્ડિંગ, ડાયસ ભુવન કમ્પાઉન્ડ, તોંડારે હૉસ્પિટલની બાજુમાં, જીવદાની રોડ, વિરાર (પૂ.). લૌ. વ્ય. બંધ છે.

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ

કોળિયાકના ધર્મેશ કાચા (ઉં. ૩૯) ૨૧મીએ રામશરણ પામ્યા છે. તે સ્વ. મણીબેન તથા સ્વ. ભગવાનભાઈ પ્રાગજીભાઈ કાચાના પૌત્ર. ગં.સ્વ. મીનાબેન તથા સ્વ. રમેશભાઈ કાચાના પુત્ર, કવિતાના પતિ. હંસાબેન તથા ચંદ્રકાન્તભાઇ ભીખાભાઈ રાઠોડના જમાઈ. ચિરાગના ભાઈ. ધ્રુવના પિતા. પ્રાર્થનાસભા ૧૬મીને સોમવારે સાંજે ૪થી ૬. ઠે.: કડિયા મહાજન વાડી, મામલતદારવાડી ક્રોસ રોડ નં - ૩, મલાડ (પ.).

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મૅનેજર

જાહેર નોટિસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસી. કમિશનર બી વૉર્ડ
સ.અ.બી. / ૬૩૮૨ /ઘકવ્ય તા. ૧૩-૩-૨૦૨૬

EOI

આસી. એન્જિનિયર (SWM) બી વોર્ડ ઓફિસ, બી વોર્ડમાં મેનિંગ & મોપિંગ (દાણાબંદર & મોહમ્મદ અલી રોડ) ક્લિનિંગ સ્કીમમાં કામ કરવા માટે રસ ધરાવતી અને લાયક સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવે છે.

અરજી મેળવવા, અરજીકર્તાઓ **૧૬-૩-૨૦૨૬થી ૨૪-૩-૨૦૨૬** સુધી ઑફિસના કલાકો **(સ. ૧૧થી બ. ૩ ક. સુધી)** દરમિયાન MCGMના કોઈપણ CFCમાં રૂા. ૩૦૦૦/- + ૧૮% GST ચૂકવવા પડશે. વધુ વિગતો અરજીમાં દર્શાવેલ છે.

અરજી સુપ્રત કરવાની **છેલ્લી તારીખ ૨૫-૩-૨૦૨૬ના બ. ૧-૦૦ ક.** સુધીમાં રહેશે.

સહી/-
PRO/3295/Adv/2025-26 આસી. એન્જીનિયર (SWM) 'બી' વોર્ડ

જમતાં પહેલાં તેમજ શૌચક્રિયા પછી સાબુથી હાથ સ્વચ્છ ધુવો

Nk Daily News Mumbai Whatsapp Group +91 96879 19919